ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત
સ્પોર્ટ્સ સાધન
ગુરુવાર ૧૫ ઓગસ્ટ, ૨૦૨૪

### ICC વન-ડે રેન્કીંગમાં ભારતીય ટીમ નંબર વન

# રોહિત બીજા સ્થાને પહોંચ્યો, બાબર ટોચ પર



દુબઈ, તા. 14 (પીટીઆઈ): ભારતીય કેપ્ટન રોહિત શર્મા બેટ્સમેનોની તાજેતરની આઈસીસી વન-ડે ઈન્ટરનેશનલ રેન્કિંગમાં બીજા સ્થાને પહોંચી ગયો છે, હાલમાં જ શ્રીલંકા સામે સમાપ્ત થયેલી વન-ડે શ્રેણીમાં શાનદાર પ્રદર્શનના કારણે તેની રેન્કિંગ સુધરી હતી.

પાકિસ્તાનનો બાબર આઝમ હાલમાં 824 રેટિંગ પોઈન્ટ સાથે યાદીમાં ટોચ પર છે જ્યારે રોહિતના 765 પોઈન્ટ છે.

ટોચના 20માં સામેલ અન્ય ભારતીયોમાં શ્રેયસ અય્યર 16મા સ્થાને છે જ્યારે કેએલ રાહુલ એક સ્થાન સરકીને 21મા સ્થાને છે.

ડાબોડી સ્પિનર કુલદીપ યાદવ બોલરોની યાદીમાં ચોથા સ્થાનેથી ભારતીયોમાં સર્વશ્રેષ્ઠ રેન્કિંગમાં પહોંચી ગયો છે. ટોચના ક્રમ પર દક્ષિણ આફ્રિકાનો સ્પિનર કેશવ મહારાજ છે. ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહ આઠમા સ્થાને યથાવત છે જ્યારે મોહમ્મદ સિરાજ ન્યુઝીલેન્ડના ટ્રેન્ટ બોલ્ટ સાથે સંયુક્ત નવમા સ્થાને છે. દિગ્ગજ ફાસ્ટ બોલર મોહમ્મદ શમી 12મા સ્થાને છે.

ઓલરાઉન્ડર યાદીમાં રવિન્દ્ર જાડેજા 16મા ક્રમ પર છે અને તે ભારતીયોમાં ટોચના સ્થાને છે જ્યારે હાર્દિક પંડ્યા 4 ક્રમના નુકસાન સાથે 26મા ક્રમ પર છે.

ટીમોની વન-ડે રેન્કીંગમાં ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયાને પાછળ મૂકી 118 રેટિંગ પોઈન્ટ સાથે ટોચ પર છે.

**વન-ડેમાં ટોચના 5 બેટ્સમેન**

| ખેલાડી | પોઈન્ટ | દેશ |
|---|---|---|
| બાબર આઝમ | 824 | પાકિસ્તાન |
| રોહિત શર્મા | 765 | ભારત |
| શુભમન ગિલ | 763 | ભારત |
| વિરાટ કોહલી | 746 | ભારત |
| હેરી ટેક્ટર | 746 | આયરલેન્ડ |

**વન-ડેમાં ટોચના 5 બોલર્સ**

| ખેલાડી | પોઈન્ટ | દેશ |
|---|---|---|
| કેશવ મહારાજ | 716 | દ. આફ્રિકા |
| જોશ હેઝલવુડ | 688 | ઓસ્ટ્રેલિયા |
| એડમ ઝામ્પા | 686 | ઓસ્ટ્રેલિયા |
| કુલદીપ યાદવ | 665 | ભારત |
| બર્નાર્ડ સ્કોલ્ટ્ઝ | 657 | નામીબિયા |

**વન-ડેમાં ટોચની 5 ટીમ**

| દેશ | મેચ | પોઈન્ટ | રેટીંગ |
|---|---|---|---|
| ભારત | 45 | 5298 | 118 |
| ઓસ્ટ્રેલિયા | 34 | 3936 | 116 |
| દ. આફ્રિકા | 30 | 3357 | 112 |
| પાકિસ્તાન | 26 | 2762 | 106 |
| ન્યૂઝીલેન્ડ | 33 | 3349 | 101 |

# વિનેશ ફોગાટની અરજી નામંજૂર કરવામાં આવી

**CASના** સોલ આર્બિટ્રેટરના નિર્ણયની IOAએ ટીકા કરી

**ભારતની** રેસલિંગમાં સિલ્વરની આશા તૂટી



પેરિસ, તા. 14 (પીટીઆઈ): રેસલર વિનેશ ફોગાટની પેરિસ ઓલિમ્પિકની ફાઈનલમાંથી ગેરલાયક ઠરવા સામેની અરજી ફગાવી દેવામાં આવી છે. એટલે કે સિલ્વર મેડલની ભારતની છેલ્લી આશા પણ તુટી ગઈ. અગાઉ, વિનેશની અપીલ પર, કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટ (સીએએસ) 13 ઓગસ્ટે તેનો ચુકાદો આપવાનું હતું, ત્યારબાદ તેને 16 ઓગસ્ટ સુધી મુલતવી રાખવામાં આવ્યું હતું. હવે સમાચાર આવી રહ્યા છે કે સીએએસ દ્વારા વિનેશની અરજી ફગાવી દેવામાં આવી છે.

ભારતીય ઓલિમ્પિક્સ સંઘે (IOA) 'અમાનવીય નિયમો' પર આકરા પ્રહારો કર્યા હતા જે એથ્લેટ્સ દ્વારા સામનો કરવામાં આવતા શારીરિક અને મનોવૈજ્ઞાનિક તણાવને ધ્યાનમાં લેવામાં નિષ્ફળ જાય છે. એક નિવેદનમાં, IOA અધ્યક્ષ પી ટી ઉષાએ 'યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ (UWW) અને ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (IOC) સામે રેસલર વિનેશ ફોગાટની અરજીને બરતરફ કરવાના CASના સોલ આર્બિટ્રેટરના નિર્ણય પર આઘાત અને નિરાશા થઈ છે.' '14 ઓગસ્ટના નિર્ણયનો ઓપરેટિવ ભાગ, જે વિનેશની પેરિસ ઓલિમ્પિક ગેમ્સમાં મહિલાઓની 50 કિગ્રા વર્ગમાં બંને ખેલાડીને સિલ્વર મેડલથી સન્માનિત કરવાની અરજીને ફગાવી દે છે, તે વિનેશ માટે ખાસ કરીને અને રમતગમત સમુદાય માટે નોંધપાત્ર અસરો કરે છે.'

### 100 ગ્રામ વધુ વજનના કારણે ફાઈનલમાંથી બહાર થઈ હતી

અત્રે એ ઉલ્લેખ કરવો જરૂરી છે કે વિનેશ ફોગાટ મહિલાઓની 50 કિગ્રા ફ્રી સ્ટાઇલ ઈવેન્ટની ફાઈનલ પહેલા અમેરિકાની સારાહ હિલ્ડેબ્રાન્ડ સામે ટાઇટલ મેચમાંથી બહાર ફેંકાઈ ગઈ હતી કારણ કે સવારના વજન દરમિયાન તેનું વજન મર્યાદા કરતાં 100 ગ્રામ વધુ આવ્યું હતું.



### રાષ્ટ્રપતિ મુર્મુએ ભારતીય ઓલિમ્પિક્સ દળને કહ્યું: તમે બધા જ ગોલ્ડ મેડલ વિજેતા છો

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ): રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં પેરિસ ઓલિમ્પિકમાં ભાગ લેનાર ખેલાડીઓનું સ્વાગત કર્યું હતું. આ દરમિયાન રાષ્ટ્રપતિએ કહ્યું કે પેરિસ ઓલિમ્પિકમાં તમારા શ્રેષ્ઠ પ્રદર્શન માટે હું તમને અભિનંદન આપું છું. મારા માટે તમે બધા ગોલ્ડ મેડલ વિજેતા છો, અમને બધાને તમારા પર ગર્વ છે. મુર્મુએ કહ્યું હતું તમે બધા દેશના તમામ યુવાઓ માટે પ્રેરણાના સ્ત્રોત છો ખાસ કરીને યુવા ખેલાડીઓ માટે. ભારતીય હોકી ટીમના ગોલકીપર પી આર શ્રીજેશ અને શૂટર મનુ ભાકરને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે ચર્ચા કરવાની તક મળી હતી. આ દરમિયાન પી આર શ્રીજેશે પેરિસ ઓલિમ્પિકમાં ભારતીય હોકી ટીમની સફરને યાદ કરી. બ્રોન્ઝ મેડલ જીતનાર મનુ ભાકરે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને કહ્યું કે ટોક્યો ઓલિમ્પિકથી અહીં સુધીની સફર સરળ રહી નથી. પણ અમારી ટીમે મહેનત કરી. તેણે કહ્યું કે પી ટી ઉષા મેડમના કારણે જ હું આજે મેડલ જીતવામાં સફળ રહી છું.

# ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ શ્રેણી વિજયની હેટ્રીક લગાવી શકે છે: રવિ શાસ્ત્રી

**જો** ભારતીય બેટ્સમેન સારું પ્રદર્શન કરશે તો બુમરાહ અને શમી મેચ જીતાડી શકે



દુબઈ, તા. 14 (પીટીઆઈ): ભૂતપૂર્વ મુખ્ય કોચ રવિ શાસ્ત્રીનું માનવું છે કે શાનદાર બોલિંગની ગુણવત્તા અને રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવી મજબૂત બેટિંગ લાઈન અપને જોતાં ભારત ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ શ્રેણી જીતવાની હેટ્રિક ફટકારવામાં સક્ષમ છે.

ઓસ્ટ્રેલિયામાં છેલ્લી બે ટેસ્ટ શ્રેણી જીતીને ભારતે પ્રતિષ્ઠિત બોર્ડર-ગાવસ્કર ટ્રોફી જાળવી રાખી હતી જ્યારે ઓસ્ટ્રેલિયાએ 2015ની શરૂઆતમાં હોમ સિરીઝ 2-0થી જીતી હતી. 'જસપ્રીત બુમરાહ ફિટ છે, મોહમ્મદ શમી ફિટ છે, તમારી પાસે મોહમ્મદ સિરાજ પણ છે. તમારી પાસે રવિચંદ્રન અશ્વિન અને રવિન્દ્ર જાડેજા જેવા ખેલાડી અને અમુક સારી 'બેંચ સ્ટ્રેન્થ' પણ છે. લોકો આ શ્રેણી શરૂ થવાની રાહ જોઈ રહ્યા છે અને મને લાગે છે કે ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયામાં શ્રેણી વિજયની હેટ્રીક લગાવી શકે છે.'

ઉલ્લેખનીય છે કે ઓસ્ટ્રેલિયાના મહાન ક્રિકેટર રિકી પોન્ટીંગે હાલમાં જ આગાહી કરી હતી કે તેમનો દેશ આ શ્રેણી 3-1થી જીતશે.

# મોર્ને મોર્કેલને ભારતીય ક્રિકેટ ટીમનો નવો કોચ બનાવવામાં આવ્યો

**ગંભીરની** ભલામણ પર મોર્કેલની સીધી નિમણૂક કરવામાં આવી

**મોર્કેલે** દક્ષિણ આફ્રિકા માટે કુલ 544 વિકેટ લીધી છે



નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ): દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ ઝડપી બોલર મોર્ને મોર્કેલને ભારતીય ક્રિકેટ ટીમના નવા બોલિંગ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ના સચિવ જય શાહે બુધવારે પીટીઆઈને આ વાતની પુષ્ટિ કરી હતી.

આ સાથે નવા હેડ કોચ ગૌતમ ગંભીરના પસંદગીના સપોર્ટ સ્ટાફની નિમણૂકની પ્રક્રિયા પણ પૂરી થઈ ગઈ છે.

એવું માનવામાં આવે છે કે પારસ મ્હામ્બ્રેની જગ્યાએ 39 વર્ષીય મોર્કેલ બાંગ્લાદેશ સામેની શ્રેણીથી ટીમ સાથે જોડાશે. બાંગ્લાદેશ સામે પ્રથમ ટેસ્ટ 19 સપ્ટેમ્બરથી ચેન્નાઈમાં રમાશે. દક્ષિણ આફ્રિકામાં યોજાનાર 2027 વન-ડે વર્લ્ડકપના અંત સુધી તેની નિમણૂક કરવામાં આવી છે.

નવા મુખ્ય કોચ ગંભીરની પહેલી પસંદ મોર્કેલ હતો. બંનેએ આઈપીએલની ટીમ લખનૌ સુપર જાયન્ટ્સમાં સાથે કામ કર્યું છે.

મોર્કેલે દક્ષિણ આફ્રિકા માટે 86 ટેસ્ટ, 117 વન-ડે અને 44 ટી-20 આંતરરાષ્ટ્રીય મેચ રમી છે જેમાં તેણે કુલ 544 વિકેટ લીધી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, લક્ષ્મીપતિ બાલાજી અને આર વિનય કુમાર જેવા વિકલ્પોની જગ્યાએ ગંભીરની ભલામણ પર મોર્કેલની સીધી નિમણૂક કરવામાં આવી છે.

### મોર્કેલને ભારતની પરિસ્થિતિની સારી સમઝ છે

ડેલ સ્ટેન સાથે ઘાતક ફાસ્ટ બોલિંગ જોડી બનાવનાર મોર્કેલ ભારતમાં પણ ઘણું ક્રિકેટ રમી ચૂક્યો છે અને તેને અહીંની પરિસ્થિતિઓની સારી જાણકારી છે. ઉપરાંત, આઈપીએલ ટીમોનો ભાગ હોવાને કારણે, તેને ભારતની આગામી ઝડપી બોલિંગ પેઢી વિશે પણ સારી જાણકારી છે.

### ટીમમાં બદલાઈ રહેલી પરીસ્થિતિ મોર્કેલ માટે મોટો પડકાર

મોર્કેલ માટે સૌથી મોટો પડકાર બદલાવના તબક્કાનો સામનો કરવાનો રહેશે કારણ કે મોહમ્મદ શમી તેની શાનદાર કારકિર્દીના અંતિમ તબક્કામાં પ્રવેશી રહ્યો છે અને જસપ્રિત બુમરાહને મોહમ્મદ સિરાજ સિવાય બીજા સારા ભાગીદારની જરૂર છે, ખાસ કરીને લાલ-બોલ ક્રિકેટમાં.

### પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ બાંગ્લાદેશ સામેની ટેસ્ટનું આયોજન ખાલી સ્ટેડિયમમાં કરશે

ઈસ્લામાબાદ, તા. 14 (એપી): કોવિડ-19ના દિવસોની યાદ અપાવતા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે (પીસીબી) નેશનલ બેંક સ્ટેડિયમમાં બાંગ્લાદેશ વિરૂદ્ધ બીજી ટેસ્ટનું આયોજન ખાલી સ્ટેડિયમમાં કરવાનો નિર્ણય લીધો છે. પીસીબીએ કહ્યું કે આવતા વર્ષની શરૂઆતમાં આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની તૈયારી માટે સ્ટેડિયમમાં ચાલી રહેલા નિર્માણ કાર્યને કારણે આ મુશ્કેલ નિર્ણય લેવામાં આવ્યો છે. બોર્ડે એક નિવેદનમાં કહ્યું, 'અમે સમજીએ છીએ કે અમારા ઉત્સાહી દર્શકો ક્રિકેટમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે જે અમારા ખેલાડીઓને પ્રેરણા આપે છે. જો કે, અમારા ચાહકોનું સ્વાસ્થ્ય અને સલામતી અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે.' 'તમામ ઉપલબ્ધ વિકલ્પો પર કાળજીપૂર્વક વિચાર કર્યા પછી, અમે નક્કી કર્યું છે કે ખાલી સ્ટેડિયમમાં બીજી ટેસ્ટનું આયોજન કરવું એ સૌથી સુરક્ષિત અભિગમ છે', એમ નિવેદનમાં કહેવાયું હતું. બોર્ડે જણાવ્યું હતું કે આ નિર્ણય લીધા બાદ 30 ઓગસ્ટથી શરૂ થનારી બીજી ટેસ્ટ માટે ટિકીટના વેચાણને તાત્કાલિક બંધ કરવામાં આવ્યું હતું. જેમણે પહેલાંથી ટિકીટ ખરીદી લીધી હોય તેમને તેમના પૈસા પરત કરવામાં આવશે.


